# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | પટેલ અનિતાબહેન ગીરીશકુમાર |
| કોર્સનું નામ - | **Ph.D.** : ગુજરાતી |
| વર્ષ - | 2020-21 |
| શીર્ષક - | જીવરામ જોશીની બાળવાર્તાઓનું કથાવસ્તુ |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. પ્રશાંત પટેલ |


'મિયાં કુસકી' ની 'જાદુઈ બતક' બાળવાર્તામાં સમાજમાં મંત્રતંત્ર જાદુઈવિદ્યાને ઉઘાડાપાડી વિજ્ઞાનના સ્વીકારનું અને ચમત્કારનું કથાવસ્તુ નિરૂપાયું છે. અહીં મિયાં કુસકી અને તભોભટ્ટ મેળામાં જાય છે. સોડાનો ઉપયોગ કરીને બતકને ડૂબાડવાનો પ્રયોગ ગણાવતા બાજીગરને તેઓ ઉઘાડો પાડે છે. અને એક હજારનું ઈનામ મેળવે છે.

'દલાશેઠ નું પોટલું' નામની વાર્તામાં 'લોભી હોય ત્યાં ધૂતારા ભૂખે ન મળે' આ કહેવત સાર્થક કરે તેવું કથાવસ્તુ નિરૂપાયું છે. આ વાર્તામાં ખરીદી કરવા પોતાના ઘોડે ચડીને બીજા ગામમાં જવા નીકળેલા કંજૂસ દલાશેઠ ગામ તરફ ગાડું જતું જોઈ જોઈને ઘોડો પાછો મૂકીને ગાડામાં બેસી જાય છે. અને જે-તે ગામમાંથી પોતાનાથી ન ઉંચકાય એટલો પોટલો ગાડામાં  લઈ જવા ઈચ્છે છે. પણ 'ગાડું જતું રહેતાંમિયાં કુસકી અને અન્ય ભાઈની ચડવણી થી પોટલું લઈને તો સામેનો વ્યક્તિ છૂ થઈ જાય છે. અને કંજૂસ દલાશેઠને બધું ગુમાવવું પડે છે.